આદિજાતિ વિકાસ વિભાગ ખાતે સચિવાલય સંવર્ગની નવી જગ્યાઓ ઉભી કરવા અંગેની વર્ષ ૨૦૨૪-૨૫ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: **TDD/MKM/e-file/25/2023/1615/K**

સચિવાલય, ગાંધીનગર.

**આમુખ:-**

રાજ્યના ૩૩ જિલ્લા અને ૨૫૨ તાલુકા પૈકી ૧૪ જિલ્લાના ૫૩ તાલુકામાં ૧૫% ઉપરાંતની આશરે ૧ કરોડ અનુસૂચિત જનજાતિની વસ્તી વસવાટ કરે છે. આ વિભાગ દ્વારા તેમના સામાજિક અને આર્થિક વિકાસ તથા જીવનધોરણ ઉંચુ લાવવા બાબતની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓ ચલાવવામાં આવે છે તથા તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ રહેલ છે. આ યોજનાઓના અમલ તથા તેને સબંધિત વહીવટી અને મહેકમને લગત કામગીરી સારૂં આદિજાતિ વિકાસ વિભાગ ખાતે માનવબળની સંખ્યામાં વધારો કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. જેના અનુસંધાને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં આદિજાતિ વિકાસ વિભાગના મહેકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, રાજ્યના અનુસૂચિત જનજાતિની વસ્તીના સામાજિક અને આર્થિક વિકાસ તથા જીવનધોરણ ઉંચુ લાવવા બાબતની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓના અમલ તથા તેને સબંધિત વહીવટી અને મહેકમને લગત કામગીરી સારૂં આદિજાતિ વિકાસ વિભાગ ખાતે સચિવાલય સંવર્ગની નીચે પત્રકમાં જણાવ્યા મુજબની કુલ-૦૬ જગ્યાઓ ઉભી કરવા અંગેની રૂ.૦.૫૫ કરોડ(અંકે રૂપીયા પંચાવન લાખ પૂરા)ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ (₹) |
|---|---|---|---|
| ૧. | ઉપ સચિવ, વર્ગ-૧ | ૨ | ૫૬,૧૦૦ - ૧,૭૭,૫૦૦/- |
| ૨. | સેક્શન અધિકારી, વર્ગ-૨ | ૧ | ૪૪,૯૦૦ - ૧,૪૨,૪૦૦/- |
| ૩. | નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ | ૨ | ૩૯,૯૦૦ - ૧,૨૬,૬૦૦/- |
| ૪. | ઓફિસ આસિસ્ટન્ટ, વર્ગ-૩ | ૧ | ૧૯,૯૦૦ - ૬૩,૨૦૦/- |

**શરતો: -**

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૪-૨૫ ના વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. ઉકત નવી બાબત અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ થી કરવાનો રહેશે.

**ભરતી અંગેની સામાન્ય શરતો:-**

1. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
2. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
3. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
4. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
5. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

6. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

**પગાર અને નવી વર્ધીત પેન્શન યોજના:-**

1. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ? તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.
2. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
3. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

**જગ્યાઓની મુદત અને સેવાઓ અંગે:-**

1. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
2. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.
3. નાણા વિભાગના તા.૨૭/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
4. નાણા વિભાગના તા.૨૭/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2022/2282/Z.1 જોગવાઈ મુજબ વિભાગે જગ્યાને કાયમી કરવાની પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

**નાણાકિય ઔચિત્ય:-**

1. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
2. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
3. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
4. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
5. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
6. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૩ (આયોજન), મુખ્ય સદર: ૨૨૫૧ - સચિવાલય સામાજિક સેવાઓ, પેટા મુખ્ય સદર: ૦૦ આદિજાતિ વિકાસ વિભાગ, ગૌણ સદરઃ ૦૯૦ સચિવાલય, પેટા સદર - ૦૧ આદિજાતિ વિકાસ વિભાગ માટેની નવી બાબત હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૬/૦૨/૨૦૨૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DISHABEN RAJESHBHAI PATEL
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 23-Feb-2024 (11:13 AM)

દિશા પટેલ

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.)ના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૧૧/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ અને રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ પ્રસ્તુત ઠરાવને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઈલ.